## પ્રાંતિજ ખાતે રાત્રીના સમયે ડ્રોન ફરતા લોકોમાં કુતૂહલ સાથે ભયનો માહોલ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ રાત્રીના સમયે ડ્રોન ના આંટા ફેરાથી લોકોમા કુતૂહલ સાથે ભંય નો માહોલ જોવા મલ્યો હતો. ખેડા , આણંદ, ગાંધીનગર બાદ સાબરકાંઠા ના પ્રાંતિજ ખાતે પણ રાત્રીના સમયે શંકાસ્પદ ડ્રોન ના આંટા ફેરા ના કારણે લોકોની ઉંઘ હરામ થઈ હતી પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ ઈન્દીરા નગર માં રાત્રીના સમયે એક સાથે ત્રણ થી પાંચ ડ્રોન દેખાતા આ વિસ્તાર ના લોકો મા ભંય જોવા મળ્યો હતો ત્યારે રાત્રીના સમયે શંકાસ્પદ ડ્રોન ભારે ધોંધાટ સાથે આવી પહોચતા લોકોના ધાબાથી થોડેક ઉચા ઉડતા જોવા મળ્યા હતા ત્યારે હાલતો આ શંકાસ્પદ ડ્રોન ને લઈ ને લોકોમા ભંય નો માહોલ જોવા મળી રહ્યો છે અને રાત્રીના ૧૧ થી ૧૨ ની આસપાસ ધોંધાટ સાથે શંકાસ્પદ ત્રણ થી પાંચ ડ્રોન જોવા મળતા કેટલા લોકો દ્વારાઆ શંકાસ્પદ ડ્રોન ને પોતાના પાસે રહેલ મોબાઈલ ફોન ના કેમેરા મા કેદ કર્યા હતા ત્યારે લોકો મા હાલતો તર્કવિતર્ક ની ચર્ચાઓએ જોર પકડયુ છે.

## ઈડર પંથકના ગુહાઈ જળાશય યોજના દ્વારા ૧૧ ગામના તળાવો ભરવાની કાર્યવાહી અધ્ધરતાલ



નેત્રામલીઃ ઈડર તાલુકાના ડુંગરી, ભાદરડી, ઈસરવાડા, દરામલી,હિંગળાજ,ચડાસણા,ભૂવેલ,કપોડા,ભેટાલી,માનગઢ,નાની વાડોલ જેવા અગિયાર ગામમાં વર્ષો જુની માગ છે કે તેમના ગામના તળાવમાં ગુહાઈ જળાશય યોજના દ્વારા ભરવામાં આવે પણ આ માંગણીને અર્ધ રજતજયંતી જેટલા વર્ષ વિતવા છતાં તેનો કોઈ ઉકેલ આવ્યો નથી. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે અગિયાર ગામના સરપંચો સહિત ગ્રામજનો એકત્રિત થઈ નિદ્રાધીન શાશકો વિરુદ્ધ અલગ અલગ કાર્યક્રમ યોજી શકાય તે હેતુસર ડુંગરી ગામની સેવા મંડળીમાં ગતરાત્રે આજુબાજુના ગામના સરપંચો સહિત લોકો હાજર રહી આગળની કાર્યવાહી કરવામાં માટે કટિબદ્ધ છે.

## તાલુકાના ડેમાઈમાં બોગસ વારસાઈનો મામલો ઉછડયો

**મામલતદાર કચેરીના સર્કલ, રેવન્યુ તલાટી સાણસામાં આવે તેવી સંભાવના**

બાયડ તાલુકાના ડેમાઈના મૃત્યુ પામેલા મહિલાના પુત્ર તરીકે બોગસ વારસાઈનો મામલો સામે આવતાં બાયડ મામલતદાર કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચારની વિગતો ટૂંકમાં પ્રકાશમાં આવી શકે છે. મામલતદાર કચેરીના સર્કલ ઓફીસર અને જે તે સમયના તલાટી સાણસામાં આવે તેવી સંભાવના વ્યક્ત થઈ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાની ડેમાઈ ગ્રામ પંચાયતમાં સુનિલ ગ્લેડવિનભાઈ નામના ઈસમે હક્કપત્રકે વારસાઈ નોંધ દાખલ કરવા માટેની અરજી નં.૪૩૧૧૩૨૧૦૦૦૦૦૩૦થી કરી હતી. તા.૪-૧-૨૦૨૧ના રોજ થયેલી અરજી પછી તા.૮-૧-૨૦૨૧ના રોજ નોંધ કરવામાં આવી હતી પરંતુ બહાર આવતી વિગતો અનુસાર કંકુબેન હેમતાજી સુનિલ પટેલના માતા તરીકે પેઢીનામું વારસાઈ કરાવી છે પરંતુ તે હળાહળ ખોટું હોવાનું પણ સામે આવી રહ્યું છે. જ્યારે પેઢીનામું પંચો રુબરુ કરવામાં આવ્યું તે પંચો પૈકી એકાદ-બે પંચ દ્વારા તેમના બોગસ ફોટા અને સહી હોવાના પણ આરોપ લગાવ્યા છે. ડેમાઈ ગ્રામ પંચાયતમાં આ અંગે પૂછપરછ કરતાં કંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો છે પરંતુ આ અંગે તપાસ થાય તો ડેમાઈમાં ફરી એકવાર બોગસ ખેડૂતનું ભૂત ધૂણવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

**યોગ્ય તપાસ કર્યા વગર વારસાઈ કરનાર અધિકારીઓ મુસીબતમાં આવી શકે છે..**


બાયડ મામલતદાર કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચારની વ્યાપક ફરિયાદો સરકાર સુધી પહોંચી છે. ભૂતકાળમાં બાયડ મામલતદાર કચેરી થકી જ કેટલાક બોગસ ખેડૂતો બન્યાની વિગતો બહાર આવ્યા પછી તપાસના નામે ડુ જેવી સ્થિતિ છે. ત્યારે બાયડ તાલુકાની ડેમાઈ ગ્રામ પંચાયતમાં બોગસ પેઢીનામાના આધારે થયેલી વારસાઈની તપાસ થશે તો જે તે સમયના એટલે કે વર્ષ-૨૦૨૦-૨૧ના સર્કલ અને રેવન્યુ તલાટી સાણસામાં આવી શકે છે.

## ધાનેરાની ગૌશાળામાં ગૌ હોસ્પિટલનો શુભારંભ...



ધાનેરાની ગૌશાળામાં સામાન્ય ગૌહોસ્પિટલ ચાલી રહી હતી. જેમાં અબોલ પશુઓની સેવા કરવી ખૂબ જ મુશ્કેલ બનતી હતી. ત્યારે ધાનેરાના સેવંતીલાલ જશકરણભાઈ અજબાણી પરિવાર દ્વારા ધાનેરાની ગૌશાળાને ગૌ હોસ્પિટલ ભેટમાં આપી હતી . આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે ,અને તેનું કામ આજે પૂર્ણ થતા આજે જૈન ગુરુ લેખેન્દ્ર સૂરિ મહારાજની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો હતો. અને અબોલ પશુઓની સેવા માટે હોસ્પિટલ ને ખુલ્લી મુકવામાં આવી હતી .ત્યારે આ કાર્યક્રમમાં જૈન ગુરુ ધાનેરા ધારાસભ્ય નથાભાઈ પટેલ વસંતભાઈ પુરોહિત મોટી સંખ્યામાં જૈન ભાઈઓ અને ધાનેરા વાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભુપેન્દ્ર પટેલને રાજેન્દ્ર પારઘીનો પત્ર : શિક્ષણ ફી, સહીત શિક્ષણ સામગ્રી અને યુનિફોર્મમાં ભાવ વધારો અંકુશમાં લેવા રજુઆત



મોંઘવારીને કારણે જીવન જરૂરિયાતની વસ્તુઓની સાથે બાળકોનું શિક્ષણ પણ મોંઘું થયું છે શાળાઓની ફી સાથે બાળકોના પાઠ્યપુસ્તકો, સ્ટેશનરી,યુનિફોર્મની કિંમતમાં ૨૦ થી ૪૦ ટકા જેટલો વધારો થતા વાલીઓ અને બાળકો માટે અભ્યાસ મોંઘો થતા પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાતા અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી શિક્ષણ ફી સહીત શિક્ષણ સામગ્રીમાં થયેલ ભાવ વધારો અંકુશમાં લેવામાં આવેની માંગ કરી છે. અરવલ્લી જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી રજુઆત કરી છે કે સોમવાર થી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે સરકાર દ્વારા શૈક્ષણિક સત્રની ફી માં વધારો કરતા તેમજ મોંઘવારીએ માજા મુકતા શિક્ષણને લગતા પાઠ્યપુસ્તક નોટબુક તથા યુનિફોર્મ જેવી વિવિધ વસ્તુઓ પર અસહય ભાવ વધારો થયો છે છેલ્લા બે વર્ષ કોરોના કાળમાં લોકોની રોજીરોટી છીનવતા એક બાજુ અસહ્ય મોંઘવારી અને શૈક્ષણિક ફી અને શૈક્ષણિક સામગ્રી અને સ્કૂલ યુનિફોર્મમાં અસહ્ય વધારો થતા લોકો માટે પડતા પર પાટુ મારવા જેવી સ્થિતિનું નિર્માણ થયું છે જેથી શૈક્ષણિક ફી તથા શૈક્ષણિકને લગતા પાઠ્યપુસ્તક યુનિફોર્મ નોટબુક જેવી વિવિધ સામગ્રીનો ભાવ વધારો અંકુશમાં લાવી વાલીઓને રાહત આપવામાં આવેની માંગ કરી હતી.

# સાબરકાંઠામાં સરકારની મંજૂરી વગરના કપાસના બિયારણ ઉત્પાદકો છાવરવા તંત્રના ધમપછાડા

## દિવસ દરમ્યાન ખેતી વિભાગના જોઈન્ટ ડાયરેક્ટરની જિલ્લામાં હાજરી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

સરકાર દ્વારા એચ.ટી. કપાસના બિયારણ ઉત્પાદન ઉપર કડક પ્રતિબંધ લાદ્યો છે છતાં વડાપ્રધાનના માદરે વતન વિસ્તારમાં પ્રતિબંધિત કપાસ બિયારણ ઉત્પાદનનો ભાંડો ફૂટ્યા પછી ખેતી વિભાગના અનેક અધિકારીઓ ન્યાયિક તપાસ થાય તો સાણસામાં આવી શકે છે. અહેવાલ પછી બિયારણ ઉત્પાદકોને છાવરવા તંત્રના ધમપછાડા શરુ થયાની ગરમા ગરમ લોકચર્ચા વચ્ચે રાજયના ખેતી વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર ગુરુવારે જિલ્લામાં હાજર રહ્યાની વિગતો સામે આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકારની મંજૂરી વગરના બિયારણ ઉત્પાદન કરવાના એ.પી. સેન્ટર તરીકે હવે વડાલી વગોવાઈ રહ્યું છે. તાજેતરમાં ૪ જીનીંગ એન્ડ પ્રોસેસીંગ યુનિટમાંથી અંદાજીત ૩ કરોડની કિંમતનો શંકાસ્પદ બિયારણનો જથ્થો ઝડપાયા પછી સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયા હતા જેમાં ૧૨ સેમ્પલમાં પર્યાવરણ સાથે છેડછાડ કરનાર જીન બિયારણમાં હોવાનું બહાર આવતાં આ મામલે ખેતી વિભાગ(ગુણવત્તા)ના પંકાયેલા અધિકારીઓ સામે પસ્તાળ પડી છે, જ્યારે સેમ્પલ રિપોર્ટ આવ્યાના ૨ દિવસ પછી પણ જવાબદાર અધિકારી મગનું નામ મરી પાડવા તૈયાર નથી જેથી કોઈના દબાણ હેઠળ મંજૂરી વગરના બિયારણા ઉત્પાદકોને છાવરવાના જોરદાર પ્રયાસ શરુ થયાની લોકચર્ચાએ જિલ્લામાં હલચલ મચાવી દધી છે. ચોમાસા પહેલાં આવા પ્રતિબંધિત બિયારણનો કરોડો રૂપિયાનો જથ્થો સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સૌરાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ૧૬ થી વધુ જિલ્લામાં ઠલવાયાની પણ પ્રબળ આશંકા છે. ત્યારે તાબડતોબ કાર્યવાહી કરવાની સાથે જવાબદાર ઉત્પાદકો સામે પોલીસ ફરિયાદ કરવાના બદલે તેમને યોગ્ય રક્ષણ મળે તેવા પ્રયાસ શરુ થયા છે. જિલ્લા કલેક્ટરે પણ આ બાબતને ગંભીરતાપૂર્વક લઈ બિયારણનો જથ્થો સીઝ કર્યો છે તે પૈકી અગાઉ ઉત્પાદિત કેટલો બિયારણનો જથ્થો ક્યા વિસ્તારમાં મોકલાયો છે તે વેચાણમાંથી પરત ખેંચવાની કાર્યવાહી થવી જોઈએ અન્યથા ખેડૂતોની સાથે પર્યાવરણને પણ મોટાપાયે ગંભીર અસર થવાની શક્યતા જોવાઈ રહી છે.

**જોઈન્ટ ડાયરેક્ટર ખાતરની મીટીંગમાં ઉપસ્થિત રહ્યા..!!**

સાબરકાંઠા જિલ્લાના વડાલી પંથકમાંથી મંજૂરી વગરના પ્રતિબંધિત કપાસના બિયારણનો જથ્થો ઝડપાયા પછી ન્યાયિક તપાસ થાય તો ભ્રષ્ટ અધિકારીઓના પગ તળે રેલો આવી શકે છે. જ્યારે જિલ્લામાં પ્રતિબંધિત કપાસના બિયારણનું ઉત્પાદન થતું હોવાના લેબોરેટરીના રિપોર્ટ પછી જોઈન્ટ ડાયરેક્ટર(ખેતી) જી.બી.ઉપાધ્યાય સાબરકાંઠા જિલ્લામાં દિવસ દરમ્યાન હાજર રહ્યાનું જાણવા મળ્યું છે. જો કે તેઓએ કપાસના બિયારણ બાબતે કોઈ રુચિ દાખવી ન હતી અને ખાતર અંગેની મીટીંગમાં આવ્યાનું જાણવા મળ્યું છે.

**જોઈન્ટ ડાયરેક્ટર ખાતરની મીટીંગમાં ઉપસ્થિત રહ્યા..!!**

સાબરકાંઠા જિલ્લાના વડાલી પંથકમાંથી મંજૂરી વગરના પ્રતિબંધિત કપાસના બિયારણનો જથ્થો ઝડપાયા પછી ન્યાયિક તપાસ થાય તો ભ્રષ્ટ અધિકારીઓના પગ તળે રેલો આવી શકે છે. જ્યારે જિલ્લામાં પ્રતિબંધિત કપાસના બિયારણનું ઉત્પાદન થતું હોવાના લેબોરેટરીના રિપોર્ટ પછી જોઈન્ટ ડાયરેક્ટર(ખેતી) જી.બી.ઉપાધ્યાય સાબરકાંઠા જિલ્લામાં દિવસ દરમ્યાન હાજર રહ્યાનું જાણવા મળ્યું છે. જો કે તેઓએ કપાસના બિયારણ બાબતે કોઈ રુચિ દાખવી ન હતી અને ખાતર અંગેની મીટીંગમાં આવ્યાનું જાણવા મળ્યું છે.

**રાજ્ય સરકાર અત્યાર સુધીના બિયારણ અંગેની વિગતો અંકે કરે..**

રાજ્ય અને કેન્દ્ર સરકારે પર્યાવરણ માટે હાનિકારક હરબસાઈટ ટોલરન્સ ધરાવતા કપાસના ઉત્પાદન બિયારણ ઉપર પ્રતિબંધ લાદ્યો હોવા છતાં વડાલીના કેટલાક જીર્નગ એકમોમાં ક્યા ભ્રષ્ટ અધિકારીઓના આશીર્વાદથી બિયારણની કોથળી તૈયાર થતી રહી અને છાવરવા માટે શું કિંમત લેવામાં આવતી હતી તેની ન્યાયિક તપાસ માટે રાજ્ય સરકારે અત્યાર સુધીના બિયારણ અંગેની તમામ વિગતો અંકે કરવી જોઈએ. જિલ્લામાં અત્યાર સુધી ખેતી અધિકારી(ગુણવત્તા) તરીકે ફરજ બજાવનારા અધિકારીઓની સંપત્તિની પણ ન્યાયિક તપાસ થાય તો અનેક ચોંકાવનારા ખુલાસા થવાની સંભાવના છે.

**વર્ષોથી બીટી કપાસના બિયારણનું બેરોકટોક ઉત્પાદન..**

વડાલીના કેટલાક જીનર્સ દ્વારા પ્રતિબંધિત બીટી કપાસના બિયારણનું છેલ્લા ૫-૭ વર્ષથી બેરોકટોક ઉત્પાદન થઈ રહ્યું છે. સરકારના ભ્રષ્ટ અધિકારીઓનું યોગ્ય લાલન પાલન થતું હોવાથી તેમને ઉણી આંચ આવતી ન હતી જો કે કેટલાક જીનર્સ પાસે બીટી બિયારણ ઉત્પાદનનો પરવાનો હોવાનું પણ જાણવા મળ્યું છે. પરંતુ એચ.ટી. બિયારણ ઉત્પાદન માટે કોઈને પણ પરવાનો આપવામાં આવ્યો નથી સમગ્ર તપાસમાં ખેતી વિભાગની સાથે આયકર વિભાગ જોડાશે તો અનેક ચોંકાવનારી વિગતોનો પર્દાફાશ થઈ શકે છે તેમ આ વિસ્તારના એક જાગૃત નાગરિકે જણાવ્યું છે.

## હવે ભારતને ઝુકાવવું સહેલું નથી...

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...???

બાયડ તા.૧૦

આ આજનું ભારત છે...કોઈને ઝુકાવવાનું વિચારતું નથી પણ ખુદ કોઈની સામે ઝુકતું પણ નથી... મોદીજીએ વિશ્વ લેવલ ઉપર એક અનોખા ભારતની છબી સ્થાપિત કરી દીધી છે... 'હવે દુ:શમનો ભૂલી જાય કે ભારત એમની વાત નીચી મૂંડી કરીને સાંભળી લેશે!!' વાસ્તવમાં આઝાદી પછી સતત ભારતની છબી આવી નબળી જ બનતી ગઈ હતી, હવે મોદીજી સિંહ બનીને ગર્જના કરે છે તે દુ:શમન દેશોને પચતું નથી...

અમેરિકા અને યુરોપના દેશોએ યુક્રેન-રશિયા યુદ્ધના પ્રારંભમાં અખતરો કરી લીધો પણ ભારતે પોતાના મનનું જ કર્યું!! 'અમેરિકાની ધરતી ઉપર વિદેશમંત્રી જયશંકર રોકડું પરખાવીને આવ્યા અને અમેરિકા જોતું જ રહી ગયું...' તુર્કી અને ઇટલીએ ભારતમાંથી પોતાના દેશમાં આયાત થયેલા લાખો ટન ઘઉં રિજેક્ટ કરીને ભારતને નીચું દેખાડવા પ્રયત્ન કર્યો ત્યાંજ રશિયાએ ભારતના તુર્કી-ઇટલી પહોંચેલા ઘઉં બારોબાર રશિયા મંગાવીને ઇટલી-તુર્કીનું ભારત વતી નાક કાપીને હાથમાં આપી દીધું!!

બિનસાંપ્રદાયિકતાની ઓથ તળે તિરંગાને નીચો દેખાડી સાંપ્રદાયિક લીલો ઝંડો લઈને ફરતા મુસ્લિમ અસંતુષ્ટ તત્વો તરફ લાલ આંખ કરી તે પાકિસ્તાનને ગમ્યું નહિ અને 'નૂપુર શર્માના નિવેદન ઉપર ૫૬ મુસ્લિમ દેશોના સંગઠન ઓઆઈસીના દેશોને ઉશ્કેરણી કરી...' ૫૬ મુસ્લિમ દેશો મળીને ભારતને હલકો ચિતરવાની કોશિશ કરતા હતા ત્યારે ભારતના વિદેશ મંત્રાલયે ચોખ્ખા શબ્દોમાં પરખાવી દીધું કે... ભારત સૌ સંપ્રદાયનો આદર કરે છે પણ... '"ભારતની ચિંતા કર્યા વગર પોતાના દેશમાં રહેલા લઘુમતીઓની સલામતી અને ન્યાયનો વિચાર આ મુસ્લિમ દેશોએ કરવો જોઈએ..." ભારતના આ સ્પષ્ટિકરણથી આ દેશોને મનોમન ભાન થઈ ગયું કે ભારતને હવે દબાણમાં નહિ લાવી શકાય... 'ભારત બદલાઈ ચૂક્યું છે!!!'

૬૦ વર્ષ પછી ભારતમાં આ રાતોરાત હિમ્મત આવી ક્યાંથી?? હવે તો ભારતના વિદેશ મંત્રાલયના અને સંરક્ષણ મંત્રાલયના ઓફિસરોની પણ હિંમત ખુલી ગઈ અને તેમના જવાબો પણ ધારદાર નીકળવા મંડ્યા!! આ નેતૃત્વનો પ્રભાવ છે... આઝાદી પછી દેશને મર્દાનગીભર્યું નેતૃત્વ પહેલીવાર મળ્યું છે એટલે રાતોરાત ભારતની હિંમત વધી ગઈ!! શાસ્ત્રમાં વિધાન છે કે..."જેવી પ્રજા તેવા રાજા નહિ પરંતુ જેવા રાજા તેવી પ્રજા..." એની એજ પ્રજા છે પણ રાજા બદલાયા અને સમગ્ર દેશના વાતાવરણમાં ગરમી આવી ગઈ...

# ડીસા નગરપાલિકા દ્વારા પ્રિમોન્સૂન પ્લાન અંતર્ગત નાળા-ગટરોની સફાઈ હાથ ધરાઈ

ડીસા, તા. ૧૦

ડીસા નગરપાલિકાના ઉત્સાહી અને યુવા પ્રમુખ રાજુભાઈ ઠક્કર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ચોમાસામાં ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટર સફાઈ પ્રિ મોન્સુન પ્લાન અંગે જાતે જ નિરીક્ષણ કરી જરૂરી સાધનસામગ્રી સહિત નગરપાલિકાના સેનિટેશન ચેરમેન



પ્રકાશભાઈ તથા સભ્યોમાં રાજુભાઈ ઠાકોર (બજરંગ), અમિતભાઈ રાજગોર તથા નગરપાલિકાના સ્ટાફ અને સેનિટેશન વિભાગના ?સફાઈ કર્મચારીઓને સાથે રાખીને સફાઈ કર્મચારીઓ દ્વારાગટરોની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં ૧થી૧૧ વોર્ડની ભૂગર્ભ ગટર સફાઈ કરવામાં આવી હતી જેમાં ભોપાનગર વિસ્તારમાં, વણઝારા વાસ, ગવાડી વિસ્તાર? સહિત પ્રિ-મોન્સુન પ્લાન હેઠળ હેવી જેસીબી મશીનો દ્વારા ગટરમાંથી પ્લાસ્ટિક, પથ્થર, કાદવ-કિચડ, ઈંટો સહિતનો અવરોધક કચરો કઢાઈ રહ્યો છે. આ રોડ પર ચોમાસામાં બે ઈંચ વરસાદમાં જ કેડસમા પાણી ભરાઈ જતા હોય છે.સામાન્ય વરસાદમાં જ પૂર્વના કેટલાક વિસ્તારો જળબંબાકાર થઈ જતા હોય છે. સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાઇ જવાની સમસ્યા વર્ષો જુની છે. અને કેટલાક વિસ્તારમાં ઘરોમાં પાણી ઘુસી જતા હોય છે ભારે વરસાદ પડે ત્યારે રોડ પરના પાણી આ વિસ્તારને તળાવમાં ફેરવી નાંખે છે.

અધુરામાં પુરૂ ભૂગર્ભ ગટરો ઉભરાય ત્યારે તો પાણી ઘરોમાં ઘૂસી જાય છે. બે ઈંચ વરસાદમાં જ જળબંબાકારની સ્થિતિ સર્જાઇ જાય છે. દર વર્ષે ઘરોમાં પાણી ઘૂસી જાય છે. કેડસમા પાણી ભરાઈ જતા બાઈક ચાલકો નીકળી શકતા નથી. ટ્રાફિકજામ, લાઈટો બંધ, પાણીનો પ્રવાહ વધતો રહેવો, વરસતા વરસાદમાં ક્યાંથી જવું તેને લઈને સર્જાતી અંધાધુંધી વગેરે બાબતનો દરેક શહેરીજન સામનો કરે છે.

રિક્ષા, ટેમ્પા , કાર ખોટકાઇ જાય આ સ્થિતિમાં લોકો પરેશાનીમાં મુકાઈ જાય આવી સ્થિતિ આ વર્ષે ન સર્જાય તે માટે ગટર નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ ઠક્કર દ્વારા જાતે જ ?નિરીક્ષણ કરી જરૂરી સાધનસામગ્રી તેમજ નગરપાલિકાના સભ્યો અને કર્મચારીઓ સાથે રાખી છેલ્લા પંદર દિવસથી પ્રિ મોન્સુન પ્લાન કામગીરી હાથ ધરવામાં આવી છે.

# મેઘરજ માર્કેટયાર્ડના ચૂંટણી જંગમાં સંજય ચૌધરી ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાયા

## ખેડૂત વિભાગમાં બિનહરીફ જાહેર



બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

મેઘરજ માર્કેટયાર્ડની રસાકસી ભરી ચૂંટણીનો જંગ મંડાયો છે ત્યારે ખેડૂત વિભાગમાંથી ગાંધીનગર સમાચારના પત્રકાર સંજયભાઈ બી. ચૌધરી ડિરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાઈ આવતાં ખેડૂત આલમમાં ખુશાલી છવાઈ છે. તેઓએ ખેડૂતોના હિતલક્ષી પ્રશ્નો માટે સદાય તત્પર રહેવાની સૌને હૈયાધારણા આપી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાની અનેક સહકારી સંસ્થાઓમાં હવે યુવા પ્રતિભાઓના આગમનથી આમૂલ બદલાવ આવી રહ્યો છે. મતદારો પણ હવે યુવા અને શિક્ષિત ઉમેદવારોને જીતાડવા માટે મક્કમ બન્યા છે. મેઘરજ માર્કેટયાર્ડનો ચૂંટણી જંગ જાહેર થયો. તા.૧૮ જૂને ચૂંટણી યોજાવવાની છે જેમાં ખેડૂત વિભાગમાં ૧૦, વેપારી વિભાગમાં ૪ અને સહકાર વિભાગમાં ૧ મળી કુલ-૧૫ બેઠકો માટે અનેક ધૂરંધરોએ ઝંપલાવ્યું છે. તા.૧૦ના રોજ ઉમેદવારીપત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે ખેડૂત વિભાગમાંથી સંજય ચૌધરી બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. સંજય ચૌધરી જાહેર જીવનમાં પણ પોતાની આગવી પ્રતિભા દેખાડી છે ત્યારે સહકાર વિભાગમાં પણ તેઓ ખેડૂતો અને વેપારીઓના હિતના પ્રશ્નો નજર અંદાજ નહીં કરે તેમ તેમના ચૂસ્ત સમર્થકોએ જણાવ્યું છે.

## સભાસદોને રૂા. ૬૪૮ કરોડનો દૂધ ભાવ વધારો ચૂકવાશે

# સાબરડેરીએ દૂધના ભાવમાં કીલો ફેટ રૂા. ૨૦નો વધારો જાહેર કર્યો

## બાયડ તાલુકાની ગાબટ દૂધ મંડળી દૂધ ભરવામાં જિલ્લામાં પ્રથમ સ્થાને : રણેચીના પશુપાલકોએ મેદાન માર્યું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

જિલ્લાની ટોચની સહકારી સંસ્થા સાબરડેરીની ૫૮મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ ગઈ જેમાં તા.૧૧ જૂનથી દૂધના ભાવમાં કીલો ફેટે ર ૨૦ના વધારા સાથે પશુપાલકોને દૂધનો કીલો ફેટ ભાવ ૨૭૬૦ મળશે જેથી સાબરડેરીના કીલો ફેટે ભાવ વધારાના કારણે પશુપાલકોની આર્થિક સ્થિતિમાં સુધારો થશે. જ્યારે સાબરડેરીએ સભાસદોને છે ૬૪૮ કરોડનો દૂધ ભાવ વધારો ચૂકવવાનો નિર્ણય કરતાં ૧૯ ટકા ભાવ વધારો





હોવાનું જાણવા મળ્યું છે. વર્ષ દરમ્યાન સાબર ડેરીમાં સૌથી વધુ દૂધ ભરવામાં બાયડ તાલુકાની ગાબટ દૂધ મંડળીએ ફરીથી મેદાન માર્યું છે. જ્યારે બાયડ તાલુકાના રણેશીના પશુપાલકોએ દૂધ ઉત્પાદનમાં અનોખા વિક્રમ સ્થાપ્યા છે. સાબરડેરીના ચેરમેનના પત્નિ પણ દૂધ ભરવામાં સમગ્ર જિલ્લામાં ૧૦મા નંબરે આવ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરડેરીની ૫૮મી વાર્ષિક સાધારણ સભા ગુરુવારે ગુજરાત કો.ઓપ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન તથા સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ જેમાં વર્ષ–૨૦૨૧-૨૨માં સંઘે કરેલ વિકાસ પ્રવૃત્તિઓ અને વર્ષ દરમ્યાન ૧૯.૧૭ ટકાથી વધુના વિકાસ દરે સાબરડેરીએ પ્રગતિ કર્યાનું જણાવ્યું હતું. દૂધ ઉત્પાદન ક્ષેત્રે સાબરડેરીએ આ વર્ષે તા.૬ જાન્યુઆરીના રોજ વિક્રમી ૩૯.૭૧ લાખ લીટર દુધ સંપાદન કર્યું છે. ગત વર્ષની સરખામણીએ સાબરડેરીના પ્રયાસથી દુધ ઉત્પાદનમાં વધારો થયો છે અને દૈનિક ૩.૨૩ લાખ લીટર દૂધ વધ્યાનું જણાવ્યું હતું. જ્યારે સંઘ દ્વારા વર્ષ દરમ્યાન સભાસદોને જ ૫૦૪૧ કરોડ દૂધની ખરીદી પેટે ચૂકવ્યા હતા. જ્યારે દૂધ સંઘના વાર્ષિક ટર્ન ઓવરમાં ૨૦ વર્ષમાં ૨૦ ગણો વધારો થયો છે. જ્યારે ચાલુ વર્ષે રીટેન્સનમની એટલે કે પાછળથી વધારાની રકમ પેટે ઐતિહાસિક ૪ ૬૪૮ કરોડની માતબર રકમ સાબરડેરી સભાસદોને ચૂકવશે.

| જિલ્લામાં સૌથી વધુ દૂધ ભરનારી મંડળીઓ.. | દૂધ મંડળી |
|---|---|
| કુલ દૂધ(કીલોગ્રામ) રચી, તા.બાયડ | ૬૬,૨૨,૨૦૧ |
| કડીયાદરા, તા.ઈડર | ૪૯,૭૭,૭૬૬ |
| ગલોડીયા, તા.ખેડબ્રહ્મા | ૪૯,૨૮,૩૬૯ |
| રચી, તા.બાયડ | ૪૪,૭૪,૧૧૮ |
| નાદરી, તા.વડાલી | ૪૩,૪૧,૮૩૧ |
| મોટાકોટડા, તા.ઈડર | ૩૮,૭૨,૨૩૯ |
| લક્ષ્મીપુરા, તા.ખેડબ્રહ્મા | ૩૭,૭૬,૫૯૪ |
| ચોરીવાડ, તા.ઈડર | ૩૬,૮૬,૩૭૩ |
| ઉભરાણ, તા.માલપુર | ૩૬,૪૯,૯૫૭ |
| વાડોઠ, તા.વડાલી | ૩૫,૪૪,૨૬૨ |

સૌથી વધુ દૂધ ભરનારા પ્રથમ ૧૦ ઉત્પાદકો..

- ધનલક્ષ્મી ડેરી ફાર્મ, ગાબટ, તા.બાયડ
- નયનાબેન ધર્મેન્દ્રભાઈ પટેલ, રણેચી, તા.બાયડ
- જલારામ ડેરી ફાર્મ, માલપુર
- પંકજભાઈ ભીખાભાઈ પટેલ, બાદરપુરા, તા.બાયડ
- રાધે દૂધ કેન્દ્ર, ભેટાલી, તા. ઈડર
- પારુલબેન બિપીનભાઈ પટેલ, રણેચી, તા.બાયડ
- કામધેનુ ડેરી ફાર્મ, પીપળીકંપા, તા.હિંમતનગર
- શામળીયા ફાર્મ, પેન્ટરપુરા, તા.બાયડ
- સાંઈકૃપા ફાર્મ, પેન્ટરપુરા, તા.બાયડ
- તારાબેન શામળભાઈ પટેલ, પીપોદરા, તા.બાયડ